# -: જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

pRO

નંબર વિ.શા./એ સેકશન/પરમીટ/ ૬૮/૨૦૧૭

અમદાવાદ શહેરની પરિસ્થિતીને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યનાં ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગનાં તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા.૩૦/૦૮/૨૦૧૭ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૩/૦૯/૨૦૧૭ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઇપણ જાતનાં ચપ્પુ જે અઢી ઇંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઇપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાંદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાંદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

- વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.
- અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

(P.T.O.)

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અને અમદાવાદ શહેરના વિસ્તારોમાં લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરી પ્રસિધ્ધ કરવું અને સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવા કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી ના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨-ઓગસ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યા.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧,૨/કાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્ય મથક/અમદાવાદ શહેર.
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ (ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી).
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂ.)
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.
(૨૪) પો.ઇન્સ.શ્રી રેલવે એસ.ઓ.જી, કાલુપુર રેલવે. સ્ટેશન, અ'વાદ શહેર.
(૨૫) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલવે પો.સ્ટે.
(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલવે પો.સ્ટે.